❖ **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન - હૈદ્રાબાદ :** શ્રી દક્ષિણભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ ના ઉપ પ્રમુખ પદે આંધ્ર પ્રદેશ ઘટક તરફથી સ્વ. શ્રી રમેશ પ્રેમજી લોડાયાના ખાલી રહેતાં સ્થાનમાં શ્રી મણીકાંત મેઘજી મોમાયા (વરાડીયા) ની સર્વાનુમતે વરણી થયેલ છે. આ ઉપરાંત બેંગ્લોર મધ્યે આપણા એકમના કચ્છી ભવનમાં આકાર લઈ રહેલું ઓફીસ સહ કોનફરેન્સ રૂમ માટે રૂ. ૧૧ લાખનાં માતબર દાન શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા હૈદરાબાદ તથા શ્રી સતીષ દેવજી મૈસેરી-બેંગ્લોર તરફથી જાહેર કરવામાં આવેલ છે.

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ :** શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ જીનેશ્વરધામના આ મહિનાના અતિથિ વિશેષ શેઠશ્રી ધનપતભાઈ લાલજી મોતા છે.

❖ આપણા મંડળના કારોબારી સભ્ય **રિદ્ધીશ રમેશ જાગીરદાર**ને હાલમાં આં.પ્ર. રાજ્ય સરકાર તરફથી તેમને **AP State Cow Protection & Animal Preservation Committee** સભ્ય તરિકે નિયુક્ત કરવામાં આવેલ તથા ભારતીય સંસ્કૃતિ નિર્માણ પરિષદ્ દ્વારા આયોજીત કાર્યક્રમમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભા.જ.પ.ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી બંડારૂ દત્તાત્રેય હસ્તે ગૌકરુણા નિધિ સદ્‌ભાવના પુરસ્કાર - ૨૦૧૩ થી સન્માનિત કરવામાં આવેલ. મંડળ વતી અભિનંદન.

---

### જીવન ચક્ર

**સગપણ**

| | | |
|---|---|---|
| રીતુ દિલીપ પદમશી મોતા | કુંવાપધર | હૈદરાબાદ |
| ઋષભ જિતેન્દ્ર લોડાયા | નલિયા | મુંબઈ |

**પુત્રી જન્મ**

| | | |
|---|---|---|
| મોક્ષ પૂર્વેશ ગુલાબ મોતા | કુંવાપધર | હૈદરાબાદ |

**Change of Address**

**શ્રીમતી જયાબેન રમેશ જાગીરદાર,** 3-4-255, Flat No.3C, Kanakadurga Bhavan, Lane Beside Venkataramana Theatre, Kachiguda Station Road, Hyderabad - 500 027. Ph : 040-66623337

**નિતિન જયચંદભાઈ બોરિચા,** Flat No. 2/B, 2nd Floor, Legend Majestic Apartment, H.No.3-4-131, Barkatpura, Hyderabad - 500 027. Ph : 27552603, Cell : 9440689725.

**Change of Phone Number : Premchand K. Chheda - 66448064**

JCI Be Better.

# JAYCEERETTE WING OF JCI BANJARA HYDERABAD

Presents



# *Banjara Mela*

Exhibition cum Sale

**Large collection of designer wear Dressess & Sarees, designer footwear, clutch bags, gifts & accessories**

## 23rd & 24th July 2013

**Kutchi Bhavan, Ramkote, Hyderabad**
**Time : 9.00 a.m. to 8.00 p.m.**

(જા.ખ.)

**Project Advisor :**
Jcrt Minakshi Bhuraria - 9391075821
Jcrt. Namrata Baldawa - 8686030200

Jcrt Bharati Harkut Chairperson
Jcrt. Reetu Gupta Secretary
Jcrt. Aarti Lahoti Treasurer

**For Stall Booking Contact Project Chairpersons :**

| | |
|---|---|
| Jcrt Archana Malani - 9394742164 | Jcrt. Reema Mehta - 9849137069 |
| Jcrt. Aruna Malpani - 8801066702 | Jcrt. Sangeeta Bansal - 9246508306 |
| Jcrt. Preeti Dasot - 9346799953 | Jcrt. Sangeeta Jaju - 9394411000 |
| Jcrt. Rajni Marda - 9393063277 | Jcrt. Savita Garg - 9391385515 |

# વિવિધા

## ગમ ખાવ

તબિયત સારી રહે તે માટે ઘણા લોકો શિયાળામાં ખાસ સાલમ પાક ખાય. પગમા દુઃખાવા ન થાય એટલે ઘણા મેથી પાક ખાય. તપશ્ચર્યા સારી થાય એટલે લોકો ગુંદર પાક અને અડદીયા પાક ખાય.

પરંતુ જેમણે બારે મહિના શાંતિ અને પ્રસન્નતામાં જીવવું હોય તેમણે ''ગમ પાક'' ખાવો. ગમપાક બારે મહિના અને કોઈપણ ઋતુમાં એડ્જેસ્ટ થાય એવો શક્તિ દાયક પાક છે.

'ગમ ખાવી' એટલે શું ? ગમ ખાનાર પોતાનામાં ઠરેલપણું જોઇએ. ધૈર્ય જોઈએ. પરિવારનો કોઈપણ મેંબર ગુસ્સામાં માનમાં અહંકારમાં આવી સારું ખોટું કે સાચું - જુઠું કંઈપણ કહે ત્યારે તાત્કાલિક જવાબ ન આપવો, આનું નામ ગમ ખાધી કહેવાય. ગમ ખાવા અવસર તથા માહોલ જોવા પડે.

ગમ ખાવાનો સિદ્ધાંત સમજવો હોય તો પહેલા ચા પીવાના સિધ્ધાંત ને સમજો. અતિ ગરમ ચાને પહેલા કપમાં નાખવી પડે, કપમાં નાખેલી ચાનું પણ ઉષ્ણ તાપમાન વધુ લાગેતો એને રકાબીમાં નખાય, અને એ પણ પીવા જેવી થાય પછી ગટગટાવી શકાય. તેમ સામેની વ્યક્તિના મગજનો પારો પણ ખૂબ ઉંચે ચડી ગયો હોય ત્યારે તેને કાંઈ ન કહેવું, તેનો ગુસ્સો કપમાં ઠલવાય... પછી રકાબીમાં આવે વરાળ ઉંડે પછી જ કાંઈક કહેવા જેવું લાગેતો કહેવું. ગુસ્સો કરનાર વ્યક્તિને જ્યાં સુધી પોતાની ભૂલનો પસ્તાવો ન થાય ત્યાં સુધી ધૈર્ય રાખતા આવડે તો માણસ સફળ થઈ જાય છે.

ભૂલ થયા બાદ પસ્તાવો થવો એ પણ આત્માની યોગ્યતા છે. પરંતુ વ્યક્તિ વિકાસ માટે, આત્મ ગુણોના વિકાસ માટે, પરિવારની શાંતિ માટે પ્રાયશ્ચિતની ભૂમિકા સુધી પહોંચવું પણ ખૂબ જરૂરી છે.

પરિવારના દરેક સભ્યે ગમ ખાતા શીખવું જોઈએ, કોઈ એવું કહે કે, હું ગમ નહીં ખાઉં તો કેવી રીતે ચાલે ? ગમ ખાનાર, જીંદગીમાં ઘણાં પ્રસંગોમાં જીતી જાય છે.

**– જયાબેન મગનલાલ મારૂ**

**કલ્પતરૂ અપાર્ટમેન્ટ, રામકોટ, ઈડનબાગમાં**
**ફ્લેટ નં. ૧૭-૪ થે માળે ૮૧૦ સ્કેવર ફીટનો ફ્લેટ વેચવાનો છે.**
**રસ ધરાવતી વ્યક્તિઓએ નીચે આપેલ ફોન નંબર ઉપર**
**સવારના ૧૦ કલાકે થી સાંજના ૫.૦૦ કલાક સુધી સંપર્ક કરવો.**
**મૈથીલી શરણ, ફોન. ૦૯૮૪૮૦૩૦૪૮૩**
(જા.ખ.)

# અહીં તહીંથી વિણેલું...

સંબંધના મોતી પરોવી રાખજો !!
એ 'જીવન' છે !

⋆⋆ ⋆⋆ ⋆⋆

વિશ્વાસની દોરી મજબુત બનાવી રાખજો,
અમે ક્યાં કીધું કે
અમારા જ દોસ્ત બની રહો,
પણ તમારા દોસ્તોની યાદીમાં
એક નામ અમારું પણ રાખજો

⋆⋆ ⋆⋆ ⋆⋆

કેટલાક સંબંધો
જીવન સાથે વણાઈ જાય છે,
કેટલીક યાદો
સ્વપ્ન બની ને રહી જાય છે,
લાખો મુસાફરો પસાર થઈ
જાય તો પણ
કોકના પગલા
કાયમ માટે યાદ રહી જાય છે !!

⋆⋆ ⋆⋆ ⋆⋆

જીંદગી મળવી એ નસીબની વાત છે
મોત મળવું એ સમયની વાત છે
પણ મોત પછી પણ
કોઈના દિલમાં જીવતા રહેવું
એ જીંદગીમાં કરેલા કર્મની વાત છે.

⋆⋆ ⋆⋆ ⋆⋆

પાનખરમાં વસંત થવું મને ગમે છે,
યાદોની વર્ષામાં ભીંજાવું મને ગમે છે,
આંખ ભીની તો કાયમ રહે છે,
તો પણ કોઈના માટે હસતા રહેવું ગમે છે

⋆⋆ ⋆⋆ ⋆⋆

મોકલું છું મીઠી યાદ
ક્યાંક સાચવી રાખજો,
મિત્રો હમેશા અમુલ્ય છે જે
યાદ રાખજો
તડકામાં છાંયો
ના લાવી શકે તો કંઈ નહીં,
ખુલ્લા પગે તમારી સાથે ચાલશે
એ યાદ રાખજો

⋆⋆ ⋆⋆ ⋆⋆

જીવનમાં સમયની સાથે ચાલવું પડે છે
જીવનમાં ના મંજુર હોય તે જ કરવું પડે છે,
રોવાનો અધિકાર પણ
નથી આપતું આ જગત,
ક્યારેક લોકોને બતાવવામાટે
હસવું પણ પડે છે...

⋆⋆ ⋆⋆ ⋆⋆

આંસુ સુકાયા પછી જે મળવા આવે
એ સંબંધ છે ને
આંસુ પહેલા મળવા આવે
એ પ્રેમ છે.

⋆⋆ ⋆⋆ ⋆⋆

દરેક ઘરનું સરનામું તો હોય
પણ ગમતું હોય, તે સરનામું
ઘર બની જાય...
એજ જીવન છે!!!

⋆⋆ ⋆⋆ ⋆⋆

મકાન અને મંદિરોના
જીર્ણોદ્ધાર ઘણા કર્યા પણ
પર્યુષણ પર્વમાં
સ્વભાવનો જીર્ણોધ્ધાર ક્યારે કરશો ?

⋆⋆ ⋆⋆ ⋆⋆

આ જ્યોત જલી બુજાઈ જશે,
આ ફૂલ ખીલી કરમાઈ જશે,
તમે ધર્મનો મર્મ સમજી લ્યો
નહીં તો આમજ આંખ મિચાઈ જશે.

પ્રેષક : **રમેશ એમ. શાહ**

## નૈતિક જીવનનો સંદેશ....

પસંદગી તમારા હાથમાં છે....

સ્નેહમાં સંસ્કૃતી છે
વેરમાં વિકૃતી છે
સ્નેહમાં કબુલાત છે
વેરમાં વકીલાત છે
સ્નેહમાં મિલાપ છે
વેરમાં વિલાપ છે
સ્નેહમાં સર્જન છે
વેરમાં વિસર્જન છે.

☆☆ ☆☆ ☆☆

મૌનથી કહેવાય તે
મુખથી ન કહેવાય
વાતોથી બધા સમજે
પણ વગર કહે સમજી જાય
એજ સાચો પ્રેમ કહેવાય...

☆☆ ☆☆ ☆☆

નમ્રતાથી કામ પતે
ત્યાં સુધી ઉગ્રતા ન લાવો
ક્રોધ જો કાબુમાં તો
આપણે સદા આબુમાં

☆☆ ☆☆ ☆☆

કર્મ તેરે અચ્છે હૈ તો
કિસ્મત તેરી દાસી
નિયત તેરી સાફ હૈતો
ઘર મેં મથુરા કાશી

☆☆ ☆☆ ☆☆

પાણી ગાળીને પીઓ તો
રોગ ન થાય
વાણી વિચારીને બોલો તો
ક્રોધ ન થાય

☆☆ ☆☆ ☆☆

જીવ આપીને પણ જે
યશ મેળવી શકાતો નથી,
તે સારી જીભ વાપરી ને
મેળવી શકાય છે.

પ્રેષક : **રમેશ એમ. શાહ**


# TUITIONS FOR LKG TO X CLASS STUDENTS

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

*તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક*

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

# Ayurvedic (Weight - Loss) Medicine

**20 Days Medicine - only Rs. 350/-**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (JAUNDICE) MEDICINE 20 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC MEDICINE ANY (BODY PAIN) 20 DAYS ONLY RS. 350/-
- MEDICINE (HIGHT), (BODY), (PERSONALITY) 30 DAYS ONLY RS. 350/-
- MEDICINE FOR (SMOOKING), (DRINKING) AND (TUBACCO PRODUCT)
- MEDICINE FOR ANY SKIN DISEASES

(જા.ખ.)

Res. : 3-4-760/1/402, Amrit Chaya Aprt., Barkatpura, Street No. 10, Opp. Food World Lane, Opp. Andhra Yuvati School, Near E-Seva, Hyderabad - 500 027.

**Ashwin V. Bhatia : Ph : 9395347264, 9392418463, 040-27564183**

# ₹₹₹

છાપામાં વાંચતા હશો કે ડોલરની સામે રૂપિયાની કિંમત ગગડતી જાય છે અને આજે એક અમેરિકન ડોલર રૂા ૬૦ નો થાય છે. સાલ ૧૯૪૭માં આપણો દેશ જ્યારે સ્વતંત્ર થયેલ ત્યારે એક ડોલર એક રૂપિયાનો હતો. આમ રૂપિયાનું અવમુલ્યન થવાથી, આપણા જીવન ઉપર-જીવન ધોરણ ઉપર અત્યંત માઠી અસર પહોંચેલ છે. આપણા આયાત બીલમાં ૭૦ટકા આયાત પેટ્રોલ તથા ડીઝલ તેમજ સોનાની ખરીદીના થાય છે જે ડોલરમાં ચુકવવા પડે છે. જ્યારે તે સામે નિર્યાત (એકસપોર્ટ) કરી આપણે ફક્ત ૩૦ ટકા ડોલર જ કમાઈ શકીએ છીએ.

રૂપિયાના અવમુલ્યનથી તેની ખરીદ શક્તિમાં પણ ધરખમ ઘટાડો થઈ ગયેલ છે. સાધારણ કુટુંબમાં રૂા.૫૦ના માસિક ખર્ચમાં ૫ જણ મજેથી ત્યારે રહી શક્તા તે અત્યારે ૨૦/૨૫ હજારમાં પણ માંડ માંડ રહી શકે છે. રૂપિયાની કિંમત એટલી નજીવી થઈ ગઈ છે કે આજે ઘણા ખરા મોટા-નાના મોલમાં ૧/૨ રૂપિયા પાછા આપવાના હોય તો તેના બદલે ચોકલેટો આપી દે છે. ઓટો રીક્ષા વાળા પણ ઘણી વાર ૧/૨ રૂપિયા તમને આપવાના થતા હોય તો વગર ખટપટ કરે જતા પણ કરી દે છે. એટલુંજ નહીં ગરીબો પણ ભીખમાં રૂા.૫/- માંગતા થઈ ગયા છે.

રૂપિયાના અવમુલ્યનની અસર ફક્ત તેની ખરીદ શક્તિ ઉપર નથી પડેલ પણ ચલણી સીક્કા તથા નોટો ઉપર પણ પડેલ છે. ભારતમાં બ્રિટીશ રાજ પહેલા, મોગલોના રાજ્યકાળ દરમ્યાન તેમજ તે અગાઉના સમયમાં, સોનાના સિક્કા છપાતા જેને સોના મહોર કહેવામાં આવતી, અંગ્રેજોના આવ્યા પછી તેઓએ તેમના રાજા-રાણીની છાપ વાળા ચાંદીના સિક્કા અમલમાં મુકેલ. આપણો દેશ સ્વતંત્ર થયો ત્યારે તેજ ચલણ ચાલતું હતું. ત્યારે એક રૂપિયાના ૧૬ આના થતા, એક આનાના ૪ પૈસા થતા અને એક પૈસાની ૩ પાઈ થતી. જાણીને આશ્ચર્ય થશે કે ત્યારે એક પાઈથી પણ અમુક ચીજો ખરીદી શકાતી. ત્યારે પાઈ, પૈસો, અડધો આનો, આનો, બે આના, ચાર આના, આઠ આના તેમજ એક રૂપિયાના સિક્કા ચલણમાં હતા. તે ઉપરાંત, એક રૂપિયો, પાંચ રૂપિયા, દસ રૂપિયા, સો રૂપિયા, પાંચસો રૂપિયા, હજાર રૂપિયા તેમજ પાંચ હજાર રૂપિયાની કાગળની નોટો પણ ચલણમાં હતી. ત્યારની રૂા. ૧૦ની નોટ આજની રૂા. ૧૦૦૦ની નોટ કરતા સાઈઝમાં મોટી હતી.

સન્ ૧૯૬૦માં એક રૂપિયાના ૧૬ આનાનું ચલણ બંદ કરવામાં આવેલ અને અન્ય દેશોની જેમ દશાંશ પધ્ધતી અપનાવતા, એક રૂપિયાના ૧૦૦ પૈસા કરવામાં આવ્યા જેને “નવા પૈસા“ કહેવામાં આવ્યા. તે સાથે ૧ નવો પૈસો, ૩ નવા પૈસા, ૫ નવા પૈસા, ૧૦ નવા પૈસા, ૨૫ નવા. પૈસા ૫૦ નવા પૈસાના સિક્કા અમલમાં આવ્યા. શરૂઆતમાં નાના સિક્કા તાંબાના બનાવવામાં આવ્યા. ત્યાર બાદ નાના સિક્કા એલ્યુમીનીયમના પણ ચલણમાં આવ્યા. જ્યારે સિક્કામાં વપરાતી તાંબા તથા એલ્યુમીનીયમ ધાતુની કિંમત સિક્કાની કિંમત કરતા વધારે મળતા, સ્ક્રેપના વેપારી ધાતુના સિક્કા ઓગાળી અન્ય ઉપયોગમાં લેતા, તે બધાય સિક્કાઓ ધીરે ધીરે ચલણમાંથી ગાયબ થઈ ગયા છે. આજના એક રૂપિયાની સાઈઝ, ગાયબ થઈ ગયેલ ૨૫ પૈસા (પાવલી)ની સાઈઝ જેટલી છે. અને તે પણ ક્યારે ગાયબ થઈ ફક્ત મ્યુઝિયમમાંજ દેખાશે એવું લાગે છે. પણ રૂા.૧૦, રૂા.૫૦ તથા રૂા.૧૦૦ના સિક્કા તાત્કાલિક ભવિષ્યમાં દાખલ થાય તેવી સંભાવના છે.

રૂપિયાની આવી દયાજનક અવમુલ્યન રોકવા, હે વિત્ત મંત્રી કંઈ કરો એવી અમારી અરજી છે.

**– રમેશ એમ. શાહ**

## વાણી દોષથી બચો

સમય બચાવવા વાણી પર નિયંત્રણ રાખો, વાણી પર નિયંત્રણ હશે તો ઘણી બધી વિપત્તિઓથી બચી શકશો, એની સાથે વિપત્તિઓમાં ખર્ચાતો સમય પણ બચશે.

અશ્લીલ શબ્દ બોલવાથી બચો - કડવા વચન બોલવાથી બચો
કોઈની મજાક ઉડાવવાથી બચો - કોઈની ઉપર તાના મારવાથી બચો
કોઈની ચુગલી કરવાથી બચો - મોઢું ચડાવીને બોલવાથી બચો
મોટી મોટી ડીંગ મારવાથી બચો - બીજાની વાત ને વચમાં કાપવાથી બચો
ચીલ્લાવીને કે બુમ પાડીને જોર થી બોલવાથી બચો

**– લહેરચંદ ટોકરશી લોડાયા**

## "ગોડ તૂસી ગ્રેટ હો"

ઈશ્વર ધી બેસ્ટ એન્જિનિયર, આંખરૂપી કેમરા ગોઠવ્યા,
કાનરૂપી રિસીવર આપ્યા, હાર્ડડિસ્ક મૂકી દિમાગમાં,
હૃદયરૂપી એન્જિન મૂક્યું, લોહીને બનાવ્યું ઈંધણ,
ને એન્જિન જ ટાંકી ઈંધણની, ને પછી લાંબી પાઈપલાઈન,
હાડમાંસથી બોડી બનાવી, કવર ચઢાવ્યુ ચામડીનું,
કીડનીરૂપી ફિલ્ટર મુક્યું, હવાની લેવડદેવડ માટે ફેફસા,
જે ઈનપુટની લાઈન મૂકી, તે જ આગળ જઈ આઉટપુટની લાઈન,
વેદનાને વહાવવા આંસુ બનાવાય, અને આ શરીરની બધીજ ક્રીયાઓ માટે
કેમિકલ સિગ્નલ્સ બનાવ્યા, લાખ લાખ વંદન છે તમને !
આ બધું તો માણસ શીખી ગયો ઈશ્વરથી, પણ, લાગણી કેવી રીતે બનાવવી,
પ્રેમ કેવી રીતે બનાવવો, પ્રેમ કેવી રીતે બનાવવો,
આત્મા ક્યાંથી લાવવું, અમુક વસ્તુઓમાં હજુ
મોનોપોલી છે ઈશ્વરની, અને રહેશે સદા...!!!
આટલું સાંભળ્યા પછી એટલું કહીશ, **"ગોડ તૂસી ગ્રેટ હો" !**

સંકલન : ***પંકજ વલ્લભજી સાવલા***

**જો આપણે સાચા માર્ગે હોઈએ તો દુનિયાની કોઈપણ તાકાત આપણું કશું બગાડી શકતી નથી.**




***દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :***

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

**ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.**

**નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯**

(જા.ખ.)

## "LETTER TO A DAUGHTER"

Dear daughter,

I am writing this to you because of 3 reasons.

1. Life, fortune and mishaps are unpredictable; nobody knows how long he lives. Some words are better said early.

2. I am your father, and if I don't tell you these, no one else will.

3. What is written is my own personal bitter experiences that perhaps could save you a lot of unnecessary heartaches, Remember the following as you go through life.

Do not bear grudge towards those who are not good to you. No one has the responsibility of treating you well, except your mother and I. Those who are good to you, you have to treasure it and be thankful, and ALSO you have to be cautious, because, everyone has a motive for every move. When a person is good to you, it does not mean he really likes you. You have to be careful; don't hastily regard him as a real friend.

No one is indispensable; nothing is in the world that you must possess. Once you understand this idea, it would be easier for you to go through life when people around you don't want you any more, or when you lose what/who you love most.

Life is short. When you waste your life today, tomorrow you would find that life is leaving you. The earlier you treasure your life, the better you enjoy life.

Love is but a transient feeling, and this feeling would fade with time and with one's mood. If your so called loved one leaves you, be patient, time will wash away your aches and sadness. Don't over exaggerate the beauty and sweetness of love, and don't over exaggerate the sadness of falling out of love.

A lot of successful people did not receive a good education that does not mean that you can be successful by not studying hard ! Whatever knowledge you gain is your weapon in life. One can go from rags to riches, but one has to start from some rags !

I do not expect you to financially support me when I am old, neither would I financially supoort your whole life. My responsibility as a supporter ends when you are grown up. After that, you decide whether you want to travel in a public transport or in your limousine, whether rich or poor.

You honor your words, but don't expect others to do so. You can be good to people, but don't expect people to be good to you. If you don't understand this, you would end up with unnecessary troubles.

I have bought loteries for umpteen years, but I never struck and prize. That shows if you want to be rich, you have to work hard ! There is no free lunch !

No matter how much time I have with you, let's treasure the time we have together.

We do not know if we would meet again in our next life.

Your Dad

Sankalan by **Pankaj Vallabhji Savla**



FOR ALL YOUR COMPUTER WORK

- ❖ SOFTWARE INSTALLATION
- ❖ TROUBLE SHOOTING
- ❖ VIRUS CLEANING ETC.
- ❖ NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

# ચારધામ યાત્રા - એક જાત અનુભવ

આપણા શ્રી કચ્છી મિત્ર મંડળના એક માત્ર કચ્છી કુટુંબ સભ્ય **શ્રી ઠાકરશી હરિરામ સોની** તાજેતરમાં ચારધામ યાત્રા કરી પાછા આવેલ છે. તેમની યાત્રાના ખાટા મીઠા અનુભવો તેમનાજ શબ્દોમાં.

"ઘણા સમયથી અમને ચારધામની યાત્રા કરવાની ઈચ્છા હતી. આ વર્ષે મોકો મળતા હું, મારી પત્ની તેમજ અન્ય કુટુંબીઓ મળી કુલ્લ છ જણા પુરી શ્રધ્ધા, આસ્થા અને ભાવના સાથે યાત્રા કરવા નીકળી પડયા. હૈદરાબાદથી દિલ્હી પહોંચી ત્યાંથી ટેક્ષી કરી અમે હરિદ્વાર પહોંચ્યા, પ્રથમ અમો સૌથી ઉપર "જમુનોત્રી" ગયા અને ત્યાંથી રીટર્નમાં બીજા ધામો જવાનું નક્કિ કરેલ. જમુનોત્રીમાં દર્શન કરી લીધા, ત્યાર બાદ વરસાદની શરૂઆત થઈ અને તે પણ મુશળધાર.

છાપા તથા ટી.વી.ના માધ્યમથી ઉત્તરાખંડમાં પડેલી આપદાઓ વિષયે તમોએ વાંચ્યું હશે, જોયું હશે- અમે પણ એવીજ તકલિફો ભોગવી, કેટલા કિલોમીટરો પહાડી રસ્તે, વરસતા વરસાદમાં, નદી નાળાને પાર કરતા ચાલતા, રાતના ખુલ્લામાં સુવાનું થતું, ૪/૫ દિવસ ખાધા પીધા વગર રહ્યા. ક્યારેક બહુ તરસ લાગતા ન છુટકે ઝરણાનું પાણી પીવું પડેલ. અમારી સાથે ઘણાય સીનીયર સીટીઝનો પણ હતા.

આવી કપરી કુદરતી આપદા સમયે, અમને ઘણા માઠા અનુભવો થયેલ. આ સમયે કોઈ પણ ફોન, મોબાઈલ ચાલતા ન હતા. પણ ત્યાંના અમુક મોબાઈલ ટાવરોના માણસો લોકોની મજબુરીનો લાભ લઈ રૂપિયા લઈ, ટાવરોને ટેમ્પરરી ચાલુ કરતા. દરેક કાર્ય માટે, દરેક જીવન જરૂરિયાતો માટે લોકો મો માગ્યા ભાવો પડાવતા હતા.

બીજો એક પ્રસંગ હતો, હૈદરાબાદથી લાગવગ લગાડી અમે એક હેલિકોપ્ટરનો બંદોબસ્ત કરેલ પણ એક કર્નલે, લાગતા વળગતાને મોટી રકમ આપી પોતાની વ્યક્તિઓને રવાના કરી અમને પાછળ રાખ્યા.

માનવતા જોકે સાવ મરી પરવારી નથી - ક્યાંક ક્યાંક એવા માનવો પણ મળ્યા જે આવા સમયે દેવ સમાન મદદ કરવા ઉભા રહ્યા હતા. અમે જમનોત્રીમાં હોટલ/કોટેજમાં રોકાયેલ. પરિસ્થિતિ જોતાં તેના માલિકે અમને કહ્યું કે આ સમયે તમને તુરંત જરૂરત હોય તો રૂમનું ભાડું રહેવા દયો, હૈદરાબાદ જઈને મોકલાવશો. એની માનવતા જોઈ અમારૂં હૃદય ગદગદ થઈ ઉઠયું. અહીં પાછા આવી અમોએ એમના બેન્ક એકાઉન્ટમાં તુરંત રકમ જમા કરાવી. મીલીટરીના જવાનો પણ ખરેખર યાત્રીઓને પોતાની ફરજ સમજી સેવા આપતા હતા. તેઓની મદદ વગર નદીઓ ઓળંગવાનું શક્ય ન હતું.

છેલ્લે ઈશ્વર પાસે એવી પ્રાર્થના કરીએ છીએ કે આવી આપદા કોઈને ન આવે.

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458

BHAVANA TOURS & TRAVELS

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)

SHIKHARJI - GUJRAT DARSHAN - NAGESHWAR / M.P. - PUNJAB DARSHAN

HITESH NAGDA
09892651122

MAHESH DEDHIA
09869616553

# SAMbHAV TOURS & TRAVELS

The Complete Travel Solutions

23, Panchsheel Nagar, S. N. Road, Mulund (West), Mumbai – 400 080.
Tel. : 2569 5289 / 9987827463 Email : sambhavtoursandtravels@gmail.com

## શ્રી સમ્મેત શિખરજી

બનારસ, ચંપાપુરી, કોલકત્તા સાથે/સિવાય દિ. ૦૬/૦૮/૧૦/૧૨

**પ્રસ્થાન દિનાંક**

સપ્ટેમ્બર : ૧૭, ૨૧, ૨૭   ઓક્ટોબર : ૫, ૧૧, ૧૭, ૨૨, ૨૫, ૨૮, ૩૧
નવેમ્બર : ૦૨, ૦૪, ૦૭, ૧૦, ૧૩   ડિસેમ્બર : ૧૮, ૨૦, ૨૨, ૨૪, ૨૬, ૨૮

**ડીલક્ષ યાત્રા, વિશેષતાઓની ઝલક**

* નિષ્ણાત રાજસ્થાની રસોયાઓ દ્વારા
* પીવા માટે અમર્યાદિત મિનરલ પાણી
* સ્વતંત્ર રસોડે નિર્મિત
* બસ સફર દરમ્યાન ડ્રાયફ્રુટ / ટાઈમપાસ પેકેટો.
* લગેજ હેન્ડલીંગ
* સવારના બેડ ટી થી રાત્રે મસાલા દુધ સુધીનું બધુજ.
* પંજાબી, સાઉથ ઇંડીયન, ચાયનિજ, ગુજરાતી અને રાજસ્થાની શાહી રજવાડી વાનગીઓનો રસથાળ

**PILGRIMAGE TOURS**

Shikharji - Rajsthan - Gujrat Darshan - Nageshwar / M.P. - Punjab Darshan
Kutch Darshan - Uttar Pradesh - Hastinapur / Delhi-Agra - Char Dham

**FAMILY TOURS**

Kashmir - Leh Ladhak - Himachal - Uttaranchal - Sikkim Darjeling - South India
Kerla - Coastal Karnataka - Madhya Pradesh - Rajsthan - Andman - Nepal

આપના સમય અને સ્ટેટસ અનુસાર સંપુર્ણ ભારત ભરમાં **ધાર્મીક/ફેમેલી/કપલ** ટુરો ના આયોજક

**ગ્રુપ-મંડલ-સંઘ આવકાર્ય**

Hyderabad Booking
**Deepak Dharod**
**BHAVNA TOUR & TRAVELS**
D, # 1-8-80/1/A, St.No. 11, Chikkadpally, Hyderabad - 20.
Tel.: 9849053458 Email : bhavnatourandtravels@gmail.com

(જા.ખ.)

KERLA - COASTAL KARNATAKA - MADHYA PRADESH - RAJSTHAN - ANDMAN - NEPAL

KASHMIR - LEH LADHAK - HIMACHAL - UTTARANCHAL - SIKKIM DARJELING - SOUTH INDIA

RAJSTHAN - KUTCH DARSHAN - UTTAR PRADESH - HASTINAPUR / DELHI-AGRA

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

# શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ

સ્થાપના સં. ૨૦૬૭

## જીનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ

જય જીનેન્દ્ર,

**પ.પૂ. સાધ્વીશ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. સાધ્વીશ્રી કોટીગુણાશ્રીજી મ.સા.**ની પ્રેરણાથી સ્થાપિત તથા વર્તમાન ચાતુર્માસાર્થે બિરાજમાન **પ.પૂ. સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા ૩ની શુભ નિશ્રામાં શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળમાં દર રવિવારના સવારના ૬.૪૫ કલાકે શ્રી જીનેશ્વરધામમાં ખૂબજ સારી સંખ્યામાં સમુહ સામાયિક થઈ રહ્યા છે. શ્રી સંઘના શ્રાવક ભાઈઓને નમ્ર વિનંતી કે વધારેમાં વધારે સંખ્યામાં જોડાઈને ધર્મ આરાધનાનો લાભ લે.

ગત વર્ષે જાહેર થયા મુજબ એક સદ્‌ગૃહસ્થ તરફથી તા. ૧૮-૦૯-૨૦૧૩ થી ૨૨-૦૯-૨૦૧૩ ના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ યાત્રા તથા ગુરૂવંદનાર્થે જવાનો આયોજન કરવામાં આવેલ છે. તા. ૩૦ જુન ૨૦૧૩ સુધી મંડળના નવા ફોર્મ ભરીને અધીકૃત બનેલ સદસ્યો નેજ તથા શ્રી ગુણગુલાબ મંડળની બહેનોને તીર્થ યાત્રાએ લઈ જવામાં આવશે.

## સ્પર્ધા સ્લોગન અને લોગો હરીફાઈ

શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ માટે ગુજરાતીમાં સ્લોગન તથા લોગો (પ્રતીક) બનાવવા માટે એક સ્પર્ધા યોજવામાં આવેલ છે. આવેલ માંથી ઉચિત સ્લોગન તથા લોગો ચૂંટવામાં આવશે અને એમને મંડળ તરફથી યોગ્ય ઈનામ આપવામાં આવશે તથા બહુમાન કરવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિઓએ **તા. ૩૧-૭-૨૦૧૩** સુધી બંધ કવરમાં સ્પર્ધકના નામ અને ફોન નંબર સાથે શ્રી જીનેશ્વરધામની ઓફીસમાં પહોંચડવા વિનંતી. ચૂંટાયેલ સ્લોગન તથા લોગો વાપરવાના હક્ક મંડળને રહેશે.

*વિજ્ઞાપન સૌજન્ય*

GOLDEN ENTERPRISES
ELITE GRAINS





# SHOP CUM OFFICE FOR SALE



Shop cum Office for sale with attached Toilet & Furniture 500 sft at Hanuman Tekdi, Near Pragati college, Abids, Hyderabad

***Sales & Purchases of Flats - Shops - Bunglows***

&

***for any type of Photography, Videography***



CONTACT :

**NALIN MEHTA - 93475 84510**

# Shri Kutchchi Mitra Mandal

Sanchalit

**Shantaben Hirji Kanji Gosar**
**Amrat - Kavita Kapadia Bhavan**

## Shanti PRIMARY SCHOOL

POSITIVE THOUGHTS ARE WINGS OF SUCCESS

Govt.Recognized - RC. No. 1947/AF/ETR 2011

# 3-4-1013/5, Rajendra Nagar Colony, Lane. Opp to Kachiguda Railway Station
Barkathpura, Hyderabad- 500 027 **Tel : 27 56 64 77**
E-mail - **kmmshkg.shantiprimaryschool@gmail.com**



### SALIENT FEATURES

1. CLASSES FROM NURSERY TO V
2. SPACIOUS AND AIRY CLASS ROOMS
3. WELL QUALIFIED, TRAINED AND EXPERIENCED TEACHERS.
4. NURSERY SECTION-EQUIPPED WITH THE NECESSARY FURNITURE, TOYS & PLAY MATERIALS.
5. A NICE PLAY GROUND WITH ITEMS LIKE SEE-SAW, RAINBOW LADDER, SLIDE & MERRY-GO-ROUND.
6. A HOME PROJECTOR FOR ALL CLASSES TO VIEW EDUCATIVE FILMS & CARTOONS.
7. EXTRA CURRICULAR ACTIVITIES IN THE SCHOOL ARE DANCE, YOGA GAMES CRAFT EDUCATIONAL AND RECREATIONAL TOURS.
8. LIBRARY ROOM - TO INCULCATE THE READING HABIT IN EVERY STUDENT.
9. EACH CHILD IS GIVEN OPPORTUNITY TO COMPULSORY PARTICIPATE IN THE IMPORTANT EVENTS LIKE ANNUAL/SPORTS DAY, SCIENCE EXHIBITION ETC.

**For Admission contact school office at Above Address between 10 am to 1 pm on weekdays**

| Manikanth Meghji Momaya | Pankaj Hirji Savla | Naveen Vishanji Hariya |
|---|---|---|
| President | Secretary | Correspondent |



શુભ ॥ અનંત ચોવિશી જીનહ નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા-૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પલેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા, કાચીગુડા,હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫.

## શ્રી રાજસ્થાન મહાતીર્થ યાત્રા

**શુભ પ્રસ્થાન : બુધવાર તા. ૧૫-૧-૨૦૧૪**

**શુભ આગમન : સોમવાર તા. ૨૭-૧-૨૦૧૪**

**નકરો : રૂા. ૯૦૦૦/- માત્ર**

**નામનોંધવાની છેલ્લી તા. ૧ ઑગસ્ટ ૨૦૧૩**

## યાત્રા દરમ્યાન અનેકવિદ યોજનાઓનું લાભ લેવા માટેના નકરા

**પ્રતિદીન નવકારશી રૂા. ૧૧૦૦૦/-**

**પ્રતિદીન બપોરની સ્વામી ભક્તી રૂા. ૨૧,૦૦૦/-**

**પ્રતિદિન સાંજનો ચોવિહાર રૂા. ૧૫,૦૦૦/-**

**પ્રતિદિન સંપૂર્ણ દિવસનો લાભ રૂા. ૪૧,૦૦૦/-**

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ-કાચીગુડા, હૈદરાબાદના ઊપકમે દર મહિનાના પહેલા રવિવાર કાચીગુડા થી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યકતી દીઠ રૂા. ૫૦/- દર મહિને આયોજીત શ્રી કુલપાકજી તીર્થ યાત્રાનો ધર્મ આરાધના કરવા લાભ લેવા શ્રી સંઘ હાર્દીક નિમંત્રણ આપે છે.

શ્રીકુલપાકજી તીર્થ યાત્રાના નિયમીત આયોજન સાથે અનેક નાની મોટી તીર્થ યાત્રાનો આયોજન કરી ભાવિકોને તીર્થોની સ્પર્ષના કરવવાનુ શ્રી સંઘ સામે લક્ષ્ય છે. એના અનુસંધાનમાં ડિસેમ્બર ૨૦૧૨ ના VISION ૧૨-૧૨-૧૨ હેઠળ શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થ યાત્રાનું ભવ્યાથીભવ્ય આયોજન થએલ. આ દૈદિપ્યમાન સફળતાથી પ્રેરાઈને હવે જાન્યુઆરી-૨૦૧૪માં શ્રી રાજસ્થાન મહા તીર્થ યાત્રાનો આયોજન કરવામા આવેલ છે.

બુધવાર તા. ૧૫ જાન્યુઆરી થી મંગલવાર તા. ૨૭ જાન્યુઆરી ૨૦૧૪ સુધી શ્રી રાજસ્થાન તીર્થ યાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. યાત્રા દરમ્યાન અચલગઢ તીર્થ દેલવાડા, દતાણી ભેરૂતારક, પાવાપૂરી, જીરાવલા, શ્રી ભીનમાલ જાલોર, જહાજ મંદીર, નાકોડાજી, બાડમેર, જેસલમેર, રામદેવરા, ઓશીયાજી, જોધપૂર, પાલી, રાનીવરકણા, નાડલાઈ, નાડોલ, મુછાળા મહાવીર, કીર્તી સ્થંભ, રાણકપુર એવા અનેક તીર્થ ક્ષેત્ર આવરી લેવાનુ પ્રયત્ન થશે. નકરો વ્યક્તી દીઠ. રૂ. ૯૦૦૦/- રાખવામાં આવેલ છે. નિર્ધારીત ફોર્મ ભરી રકમ સાથે તા. ૧-૮-૨૦૧૩ સુધી નામો નોંધવાના છે. આવા ભવ્ય આયોજન માં ભાગ લઈ પૂણ્યાર્જન કરવા ભાવભર્યું આમંત્રણ છે. આપ સર્વે ભાવિકોના તન-મન-ધનના સહયોગ થીજ આવા ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પડી શકે છે.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતી

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,** ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ.

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવાર**

(જા.ખ.)